નવી બાબત : ૨૦૧૫-૧૬
એમ.ટી વિભાગ માટે વિવિધ સંવર્ગના
ડ્રાઇવરોની એક હજાર જગ્યા મંજુર કરવા
બાબત (આયોજન)

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મહક-૧૦૨૦૧૪-૪૫૩૯-સ
સચિવાલય ગાંધીનગર
તારીખ 01 MAY 2015

વંચાણમાં લીધા:-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીનો તા. ૨૦/૧૧/૨૦૧૪ના પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫-૧૬/૨૪૬૪/૨૦૧૪
(૨) વર્ષ : ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર -૧૨ પાના નંબર-૧૬૮

ઠરાવ:-

ગુજરાત રાજ્યમાં છેલ્લા ઘણા વર્ષોથી એમ.ટી શાખાના મહેકમમાં વધારો થયેલ નથી. તેની સામે શહેર અને જીલ્લામાં વી.આઇ.પી.ઓ તેમજ અન્ય રાજ્યના મહાનુભાવો તથા વિદેશી મહાનુભાવોના આગમન સમયે પોલીસની કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે એમ.ટી વિભાગના વાહનોનો મહત્વનો હિસ્સો રહેતો હોય છે.

પાયલોટ એસ્કોટ ડ્યુટીના વાહનો મા.મુખ્યમંત્રીશ્રી તેમજ મા.રાજ્યપાલશ્રી,સુપ્રીમ કોર્ટ તેમજ હાઇકોર્ટ ના જજ શ્રીઓ ના બંદોબસ્ત માટે તથા શહેરી વિસ્તારમાં તહેવારોની ઉજવણી દરમ્યાન સતત પેટ્રોલીંગની જરૂરીયાત, વિવિધ ગુનાઓ અને એની તપાસ, સરહદી ઘુસણખોરી, દાણચોરી, ગેરકાયદેસર હથિયાર દારૂગોળાની ઘુસખોરી અટકાવવા માટે ગુજરાત રાજ્યના સરહદને અસર કરતા જિલ્લાઓ ની પોલીસ દ્વારા સતત પેટ્રોલીંગ કરવામાં આવતુ હોય છે. આ સંજોગોમાં પોલીસ વાહનોની નિયમીત મરામત જાળવણી અને નિભાવણી સમયસર થાય તે ખુબ જરૂરી છે. વાહનોમાં સતત થયેલ વધારાના કારણે વાહનોની મરામત/નિભાવણીની કામગીરી વધવા પામેલ છે. જેને પહોચી વળવા માટે નવુ મહેકમ મંજુર કરવા માટે પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીએ સંદર્ભ-૧ માં દર્શાવેલ તેઓના તા. ૨૦/૧૧/૨૦૧૪ ના પત્રથી નાણાકીય વર્ષ – ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં તે માટે મહેકમ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે.

ઉક્ત દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અતે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજ પત્રમાં નવી સેવા હેઠળ સમાવેશ કરી ડ્રાઇવર કમ પોલીસ કોન્સ્ટેબલની ૫૦૦ જગ્યાઓ ઉભી કરવા માટે તથા ડ્રાઇવરની ૫૦૦ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટે રૂ. ૮,૫૮,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા આઠ કરોડ અઠાવન લાખ પુરા ) ની

જોગવાઇ કરવામાં આવેલ છે. અને નીચે મુજબની એમ.ટી વિભાગ માટે ડ્રાઇવરોની વિવિધ સંવર્ગની કુલ ૧૦૦૦ જગ્યાઓ તા.૨૯/૦૨/૨૦૧૬ સુધીની મુદત માટે જગ્યાઓ ઉભી કરવાની અને ભરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| અ.નં | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગારધોરણ | ગ્રેડ-પે |
|---|---|---|---|---|
| ૧ | ડ્રાઇવર – કમ પોલીસ કોન્સ્ટેબલ (આર્મડ) | ૫૦૦ | ૫૨૦૦- ૨૦૨૦૦ (૭૮૦૦ ફીક્સ) | ૧૮૦૦ |
| ૨ | ડ્રાઇવર(આઉટ સોર્સ) | ૫૦૦ | - | - |
| | કુલ | ૧૦૦૦ | | |

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત ખર્ચ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો / પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતી ના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહિવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નિતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીનો રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગ ના તા.૧૮/03/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦03/જીઓઆઇ/૧૦(પ.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
10. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીને જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

11. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશ.
12. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ
13. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
14. આ નવી મંજૂરી કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ વિભાગને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
15. ૫૦૦ ડ્રાઇવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સથી લેવાની/ભરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ : ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે નીચેના સદરે કરવાનું રહેશે.

" મુખ્ય સદર : ૨૦૫૫- પોલીસ પેટા મુખ્ય સદર:૦૦ ગૌણ સદર:૧૦૯- જીલ્લા પોલીસ, પેટા સદર :૦૧-MEP-૬-જીલ્લા પોલીસ ખુદ, સ્કીમ કોડ નં- ૧૧૪૫૦૫" હેઠળ ઉધરાવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગની તા.૧૩/૦૪/૨૦૧૫ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેક્શન અધિકારી,
ગૃહ વભાગ

પ્રતિ,

- મહા મહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ, સેક્ટર-૧૦-એ 'ચ' રોડ, ગાંધીનગર

- સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
- સર્વે  પોલીસ અધિક્ષકશ્રી,
- અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ક.ગ),  સામાન્ય વહિવટ  વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ / અમદાવાદ
- પગાર અને હિસાબી નિયામકશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પેન્સન અને પ્રોવિન્ડડ ફંડ નિયામકશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વ જીલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નાણાં સલાહકારશ્રી (ગૃહ), નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ/ઝ-૧-શાખા, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ/ના.સે. અધિકારી સિલેકટ ફાઇલ
- નવી બાબતો વર્ષ:૨૦૧૫-૧૬ ની સિલેકટ ફાઇલ